# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 26-07-2024 બપોર : 1.20 થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

*******************************************

- આજે 25 મા કારગિલ વિજય દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કારગિલ યુદ્ધ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સહિતના નેતાઓએ કારગીલ વિજય દિવસ પર શહીદોના બલિદાનને યાદ કર્યા
- ગુજરાત સહિત દેશના કેટલાંક રાજ્યોમાં આજે ભારે વરસાદની આગાહી
- પેરિસમાં આજે ઓલિમ્પિકનો ઉદઘાટન સમારોહ, પી.વી. સિંધુ અને શરથ કમલ ભારતનું પ્રતિનિધિત્વ કરશે
- અને મહિલા એશિયા કપ ટી-20 ની સેમિફાઇનલમાં આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મુકાબલો

*******************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM MODI KARGIL DIVAS

**આજે 25મા કારગિલ વિજય દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કારગિલ યુદ્ધ સ્મારક ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે સૈન્ય વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, વાયુ દળના વડા એર ચીફ માર્શલ વી. આર. ચૌધરી અને નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ પણ શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.**

આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે લદ્દાખની મહાન ધરતી 25માં કારગિલ વિજય દિવસની સાક્ષી બની છે. તેમણે ઉમેર્યું કે કારગિલ વિજય દિવસ દર્શાવે છે ત્યાગ અને બલિદાને આ દેશને મહાન બનાવ્યો છે.

(BYTE – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

દરમિયાન શ્રી મોદીએ શિનકુન લા ટનલના કામનો વર્ચ્યૂઅલ પ્રારંભ કરાવ્યો. 4.1 કિલોમીટર લાંબી આ ટ્યૂબ ટનલ લેહમાં પ્રતિકૂળ હવામાન દરમિયાન વાહનવ્યહાર માટે નિમૂ-પદુમ-દારચા રોડ પર અંદાજે 15 હજાર, 500 ફૂટની ઉંચાઈ પર બનાવવામાં આવશે. બાંધકામ પૂર્ણ થયા બાદ તે વિશ્વની સૌથી ઉંચાઈએ આવેલી ટનલમાં સ્થાન પામશે.

## PREZ –KARGIL DIVAS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કારગિલ વિજય દિવસ પર સશસ્ત્રદળોનો આભાર વ્યક્ત કર્યો અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રીમુર્મુ 1999માં કારગિલના પર્વતો પર દેશની રક્ષા કરતા સર્વોચ્ચ બલિદાન આપનારા શહીદોને યાદ કર્યા. રાષ્ટ્રપતિએ કહ્યું કે શહીદોનું આ બલિદાન અને વીરતા પ્રત્યેક નાગરિકને પ્રેરિત કરતા રહેશે. આજે લોકસભા અને રાજ્યસભાએ કાર્યવાહીના પ્રારંભમાં કારગીલ યુધ્ધના વીર જવાનોને શ્રધ્ધાંજલિ આપી હતી.

## KARGILDIWAS-TRIBUTE

કારગિલ વિજય દિવસ પ્રસંગે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે દિલ્હી સ્થિત રાષ્ટ્રીયયુદ્ધ સ્મારક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે સૈન્ય ઉપ પ્રમુખ લેફ્ટનેન્ટ જનરલ એન રાજા સુબ્રમણી, નૌકાદળના ઉપ પ્રમુખ વાઇસ એડમિરલ સ્વામીનાથન, ભારતીય વાયુ દળનાઉપ પ્રખુખ એર માર્શલ એપી સિંહે અને ચીફ ઓફ સ્ટાફ સચિવ લેફ્ટન્નટ જનરલ જૉન્સન પીમૈથ્યૂએ પણ કારગીલ યુદ્ધના શહીદોને શ્રદ્ધાંજલિ અપર્ણ કરી.

તો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કારગિલ યુદ્ધના શહીદોના બલિદાનને સ્મરણ કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે હિમાલયના દુર્ગમ પર્વતોમાં શૌર્ય પ્રદર્શન અને દુશ્મનોને પાછા હટાવા મજબૂર કરવા બદલ શહીદ જવાનોનો આભાર માન્યો. તેમણે લખ્યું છે કે જવાનોએ કારગિલમાં ફરી એકવાર તિરંગો લહેરાવીને દેશને ગૌરવ અપાવ્યું.

## ASHWINIVAISHNAW - KARGIL DIWAS

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કારગિલ વિજય દિવસ નિમિત્તે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. નવી દિલ્હી ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત, સંરક્ષણ ક્ષેત્રે આત્મ નિર્ભર બન્યું છે. વધુમાં તેમણે ઉમેર્યું કે 70 ટકા સંરક્ષણ સાધનો દેશમાં જ ઉત્પાદિત થઈ રહ્યા છે. જ્યારે કે ભારત 80 જેટલા દેશોને રૂપિયા 25 હજાર કરોડ ખર્ચના સંરક્ષણ ઉત્પાદનો નિકાસ કરી રહ્યું છે.

## WEATHER

હવામાન વિભાગે ગુજરાત, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. વિભાગે જણાવ્યું કે, સૌરાષ્ટ્ર, કચ્છ, વિદર્ભ અને મરાઠવાડાના વિવિધ સ્થળ તેમજ મધ્યપ્રદેશમાં ભારે વરસાદની શક્યતા છે. જ્યારે 27મી જુલાઈ સુધી દક્ષિણ કર્ણાટક, કર્ણાટક કાંઠાના વિવિધ સ્થળ પર અને કાલે ઉત્તરી કર્ણાટકમાં ભારે વરસાદ થઈ શકે છે. બે દિવસ દરમિયાન ઉત્તર ભારત, પૂર્વ રાજસ્થાન અને ઉત્તરાખંડમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત છે.

## MAHARASHTRA RAIN

મુંબઈને અવિરત વરસાદથી રાહત મળતા આજે જનજીવન સામાન્ય થયું હતું. બૃહદ્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની તમામ શાળા-કોલેજો રાબેતા મુજબ ચાલુ છે. BMCએ વાલીઓને વિનંતી કરી છે કે તેઓ સત્તાવાર માહિતી વિના શૈક્ષણિક સંસ્થાઓ બંધ કરવા અંગેની કોઈપણ અફવાઓ પર વિશ્વાસ ન કરે અને શાળાઓ અને કોલેજોના વહીવટીતંત્ર સાથે સંપર્કમાં રહે.

દરમિયાન, મહારાષ્ટ્ર રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદ ચાલુ છે. પુણે, રત્નાગીરી, ગઢચિરોલી, ચંદ્રપુર અને લાતુર સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદના કારણે પૂર જેવી સ્થિતિ જોવા મળી રહી છે. પુણે અને આસપાસના વિસ્તારો ભારે વરસાદથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહન વ્યવહારમાં વિક્ષેપ પડ્યો છે. ઉપરવારમાં ભારે વરસાદના કારણે મહારાષ્ટ્રની કેટલીક નદીઓ જોખમી ભયસ્થાનથી સાથે વહી રહી છે.

## PARIS OLYMPICS

પેરિસ ઓલિમ્પિક ખેલ 2024નો આજે પ્રારંભ થઈ રહ્યો છે. આ વર્ષે પેરિસ ઓલિમ્પિક ખેલમાં 1924 ઓલિમ્પિક ખેલના સો વર્ષ પૂર્ણ થયાની ઉજવણી પણ કરાશે. ફ્રાન્સની રાજધાની પેરિસમાં વર્ષ 1900માં બીજા ઓલિમ્પિક ખેલનું આયોજન થયું હતું. જે બાદ બીજી વાર 1924માં

પેરિસ યજમાન બન્યું હતું. લંડન બાદ પેરિસ બીજું શહેર છે, જેણે ત્રણ વાર ખેલનું આયોજન કર્યું છે.

પેરિસની સિન નદી પાસે ભારતીય સમય અનુસાર સવારે 11 વાગે ઉદ્ઘાટન સમારોહની શરૂઆત થશે. ઇતિહાસમાં પહેલીવાર છે જ્યારે ઓલિમ્પિકનો ઉદ્ઘાટન સમારોહ ખુલ્લામાં યોજાઈ રહ્યો છે. વિવિધ દેશોના ખેલાડીઓ પેરિસના જાણીતા સ્થળોએથી પસાર થતા પરેડ કરશે. અંદાજે 100 જેટલી બોટ્સમાં બેસીને 10 હજાર, 500 જેટલા એથલિટ્સઆ પરેડમાં ભાગ લેશે. ઓસ્ટ્રલિટ્ઝ બ્રિજ ખાતેથી શરૂ થનારી આ પરેડ ટ્રોકાડેરો-એફિલ ટાવર પાસે એસ્પ્લેનેડ નજીક સમાપ્ત થશે. જ્યાં અંતિમ પ્રોટોકૉલ પ્રમાણે ઓલિમ્પિકની મશાલ પ્રજ્વલિત કરાશે, અને આ સાથે જ ઓલિમ્પિક સમારોહનો સત્તાવાર પ્રારંભ થશે. ત્રણ કલાક ચાલનારા આ સમારોહ દ્વારા પેરિસ તેના ભવ્ય ઇતિહાસ અને સ્થાપત્યકળાને દુનિયા સમક્ષ પ્રદર્શિત કરવા તૈયાર છે.

આ પરેડમાં શરથ કમલ અને પીવી સિંધુ ભારતનું પ્રતિનિધિત્વ કરશે. જેઓ દેશના ધ્વજ વાહક છે. સિંધુ બેડમિન્ટનમાં બે વાર ઓલિમ્પિક ચંદ્રક વિજેતા છે, જ્યારે ટેબલ ટેનિસ ખેલાડી કમલ 5મી વાર ઓલમ્પિકમાં ભાગ લઈ રહ્યા છે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## PARIS OLYMPICS

પેરિસ ઓલિમ્પિક ખેલ 2024નો આજે પ્રારંભ થઈ રહ્યો છે. આ વર્ષે પેરિસ ઓલિમ્પિક ખેલમાં 1924 ઓલિમ્પિક ખેલના સો વર્ષ પૂર્ણ થયાની ઉજવણી પણ કરાશે. ફ્રાન્સની રાજધાની પેરિસમાં વર્ષ 1900માં બીજા ઓલિમ્પિક ખેલનું આયોજન થયું હતું. જે બાદ બીજી વાર 1924માં પેરિસ યજમાન બન્યું હતું. લંડન બાદ પેરિસ બીજું શહેર છે, જેણે ત્રણ વાર ખેલનું આયોજન કર્યું છે.

પેરિસની સિન નદી પાસે ભારતીય સમય અનુસાર સવારે 11 વાગે ઉદ્ઘાટન સમારોહની શરૂઆત થશે. ઇતિહાસમાં પહેલીવાર છે જ્યારે ઓલિમ્પિકનો ઉદ્ઘાટન સમારોહ ખુલ્લામાં યોજાઈ

રહ્યો છે. વિવિધ દેશોના ખેલાડીઓ પેરિસના જાણીતા સ્થળોએથી પસાર થતા પરેડ કરશે. અંદાજે 100 જેટલી બોટ્સમાં બેસીને 10 હજાર, 500 જેટલા એથલિટ્સઆ પરેડમાં ભાગ લેશે. ઓસ્ટ્રલિટ્ઝ બ્રિજ ખાતેથી શરૂ થનારી આ પરેડ ટ્રોકાડેરો-એફિલ ટાવર પાસે એસ્પ્લેનેડ નજીક સમાપ્ત થશે. જ્યાં અંતિમ પ્રોટોકૉલ પ્રમાણે ઓલિમ્પિકની મશાલ પ્રજ્વલિત કરાશે, અને આ સાથે જ ઓલિમ્પિક સમારોહનો સત્તાવાર પ્રારંભ થશે. ત્રણ કલાક ચાલનારા આ સમારોહ દ્વારા પેરિસ તેના ભવ્ય ઇતિહાસ અને સ્થાપત્યકળાને દુનિયા સમક્ષ પ્રદર્શિત કરવા તૈયાર છે.

આ પરેડમાં શરથ કમલ અને પીવી સિંધુ ભારતનું પ્રતિનિધિત્વ કરશે. જેઓ દેશના ધ્વજ વાહક છે. સિંધુ બેડમિન્ટનમાં બે વાર ઓલિમ્પિક ચંદ્રક વિજેતા છે, જ્યારે ટેબલ ટેનિસ ખેલાડી કમલ 5મી વાર ઓલમ્પિકમાં ભાગ લઈ રહ્યા છે.

# WOMENCRICKET ASIA CUP

મહિલા એશિયા કપ ટી20 ક્રિકેટમાં આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સેમિફાઇનલ મેચ રમાશે. શ્રીલંકાના દામ્બુલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાનારી આ મેચ ભારતીય સમય અનુસાર બપોરે બે વાગે શરૂ થશે. ગૃપ એમાં ભારત ટોચ પર છે, જ્યારે બાંગ્લાદેશ ગૃપ બીમાં બીજા ક્રમાંકે છે. ભારતી યમહિલા ક્રિકેટ ટીમ એશિયા કપમાં તેની સતત ચોથી જીત માટે મેદાનમાં ઉતરશે.

# CBI NEET

નીટ – યુજી પેપર ગેરરીતિ મામલે માધ્યમોમાં પ્રસારિત અહેવાલોને કેન્દ્રીય તપાસ સંસ્થાએ ભ્રામક અને ખોટા ગણાવ્યા છે. સીબીઆઆઈએ આ વિશે વધુ માહિતી આપતા એક નિવેદનમાં જણાવ્યું છે કે અત્યાર સુધીમાં આ કેસમાં 33 સ્થળોએ તપાસ કરાઈ અને 36 લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં બિહાર પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા 15 આરોપીઓ સામેલ છે.

સીબીઆઈએકહ્યું છે કે તપાસ દરમિયાન કેટલાક વાંધાજનક પુરાવા મળ્યા છે, જે વિશે વધુ તપાસ ચાલી રહી છે. સીબીઆઈએ વધુમાં જણાવ્યું છે કે, નીટ 2024 પરીક્ષા મામલે માધ્યમોમાં જે અહેવાલ પ્રસારિત કરાઈ રહ્યા છે, તે અટકળો આધારિત, ભ્રામક માહિતી અને ખોટા ગણાવતા, આવા અહેવાલોના પ્રકાશન અને પ્રસારથી દૂર રહેવા સલાહ આપી છે.

# NSA-MYANMAR VISIT

મ્યાનમારના નાયપિતાવમાં આજે યોજાનારી ચોથી BIMSTEC સુરક્ષા વડાઓની વાર્ષિક બેઠકમાં  રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમણે ગઈકાલે તેમના મ્યાનમાર સમકક્ષ મોઈ આંગ સાથે પણ મુલાકાત કરી હતી. BIMSTEC સુરક્ષા વડાઓએ પ્રધાનમંત્રી  જનરલ મીન આંગ હલાઈંગ સાથે મુલાકાત કરી હતી.

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 28મી જુલાઇએ આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં મન કી બાત કાર્યક્રમનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં,શ્રી મોદીએ લોકોને વિવિધ વિષયો પર પોતાના વિચારો અથવા સૂચનો 26મી તારીખ સુધીમાં MyGov ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એરમોબાઈલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.